२७३४

માજી આશાપુરીના છંદ.

રચનાર છપાવનાર અને પ્રસીદ્ધ કરનાર,

કટુકમતિગચ્છે શાહાજીજી

વિનયચંદ વી. ધનજીજી,

તથા

ઇચ્છારામ ભાઇચંદ ભોજક.

મુકામ રાધનપુર.



अमदावाद.

મામાની હવેલી મધ્યે યુનાઇટેડ પ્રિન્ટીંગ અને
જ૦એ૦ કંપની "લિમિટેડ"ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યા.

સંવત ૧૯૪૨—સને ૧૮૮૬.

કિંમત ૨ આના.

માજી આશાપુરીના છંદ.

રચનાર છપાવનાર અને પ્રસીદ્ધ કરનાર,


કટુકમતિગચ્છે શાહાજીજી

વિનયચંદ વી. ધનજીજી,

તથા

ઈચ્છારામ ભાઈચંદ ભોજક.

મુકામ રાધનપુર.



अमदावाद.

મામાની હવેલી મધ્યે યુનાઇટેડ પ્રિન્ટિંગ અને
જ૦એ૦ કંપની "લિમિટેડ"ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યા.

સંવત ૧૯૪૨—સને ૧૮૮૬.

કિંમત ૨ આના.

અર્પણપત્રીકા.

સર્વ ગુણસંપન પરમદયાળ તિર્થ રૂપ મહારાજ શ્રી શાહાજીજી ધનજીજી રૂપચંદજી.

અમારા ઉપર આપનો મુળથી સંપૂર્ણ ભાવ પ્રીયપણું અને શાન્ત વૃતી હોવાથી અમોએ શીશુ કૃડા રૂપ આ લધુ પુસ્તક અમારી સ્વલ્પ મતિ વડે બનાવ્યું તે આપને અતિ વિનય અને નમૃતાથી અર્પણ કરીએ છીએ એ તો અમારી આ બુકમાં કંઈ હસ્ત દોષ યા અનુપ્રાસાદીક થએલ ખામી બદલ ક્ષમા રાખતાં વાંચી સ્વીકારશો એમ સંપૂર્ણ આશા રાખીએ છીએ એજ વિનંતી.

રચનાર.

હમેશનો તાબેદાર શીષ્ય

વિનયચંદ ધનજીજી.

તથા

ઈચ્છારામ ભાઈચંદ ભોજક.

મું૦ રાધનપુર.

પ્રસ્તાવના.

હાલમાં પાલનપુર એજન્સીના થરાદ સ્વસ્થાનમાં મુખ્ય શેહેર થરાદ છે ત્યાં નાણદેવી (આશાપુરી) માતાનું એક મોહોટું ધામછે અને તે સ્થાને દુરનાં લોકો જાત્રાર્થે ઘણાં આવાગમન કરેછે. પરંતુ આવા ધામને દીપાયમાન કરે તેવી માતાજીની કોઇપણ સ્તુતી અદ્યાપી સુધી રચવામાં આવી નથી. જેના માટે સુજ્ઞ આર્ય બંધુઓ અને સ્વ-દેશાભિમાની સ્વજનોને ખુશકારક રમુજ આપનાર તેમજ જ્ઞાન રસે કરી શાન્તપણાની વૃધી કરનાર એક અમારી અલ્પ મતી વડે આ ટુંક હકીકતની બુક બનાવી છે તે વાંચી જ્ઞાન લાભ મેળવવાને ખરી વખત નહીજ ચુકશો.

અને એવી રીતે અંબાજી બેચરાજી વિગેરે દેવીઓનાં મોહોટાં ધામ અને કેટલી શોભા બણીછે તેનું કારણ શું ? ફક્ત એટલુંજ કે ખરી આસ્તાથી સઘળા જાત્રાળુઓનું આવી મળવું અને માજીનો મંડપ દીપાયમાન કરવો.

હવે આવીજ રીતે માજી નાંણદેવીના મંડપને દીપાય-માન કરવા અને ખરી આસ્તાથી જાત્રા અર્થે માજીનાં દરીશણ કરવા સર્વ જનોએ આવવા અમારી ખરી સુચનાછે.

એટલુંજ નહિં પણ આ બુક વાંચી તેના અંદર દાખલ થએલ સ્તુતી જે માણસે કંઠાગ્ર કરશે તેને માજી અચળ સુખ બક્ષીસ કરશે તે સત્ય માનવું.

મીતી.	રચનાર.
વૈશાખ સુદી ૧૫	કડુકમતિ ગચ્છે શાહાજી
સંવત ૧૯૪૨	વીનયચંદ વી. ધનજીજી તથા
મુ૰ રાધનપુર.	ઇચ્છારામ ભાઈચંદ ભોજક.

माजी आशापुरीना छंद.

सरस्वती स्तुती.

દોહરા.

પ્રણીત કરૂં અતિ પ્રેમથી, કરજુગ પદ સમલીન;
ધરૂં ધ્યાન તુમ ભારતી, છું હું મુજ મતિ હીન. १
હંસ વાહ ગજ ગામિની, કર વિણા સોહંત;
પુસ્તક પુષ્પ વિવીધ શું વદન ચંદ મોહંત. २
તુમ માતા ભ્રાતા તુંહિ, વચન વિધાતા પુજ;
અષ્ટાદીક દેવો સહુ માનું મનથી તુજ. ३
સુભ્ર વર્ણ વપુ શો હતું, વિધી તનયા મુજ માત;
મમ જીવહા સ્થાને ઠવી, કરો અમર સુખ સાત. ४

ગુરૂ સ્તુતી. દોહરા.

ગુરૂ વીણ જ્ઞાન ન સંપજે, ગુરૂ વીણ ન લહો ધર્મ;
ગુરૂ વીણ જે સઘળી ક્રીયા, માનો નિશ્ચય ભર્મ. ५
ગુરૂ હિત સીક્ષા વર્ણતાં, પાર ન પામે કોય;
ગુરૂ કૃપા થકી વર્ણવું, છંદ સરસ આ મોય. ६

नग्रराज्यादिक वर्णन.

ચોપાઈ.

નયર અનુપમ જ્યાં સ્થીરપુરી, જાંણે નગ્રી જગમાં સુરી.
નયર જોઇ લંકા બાપડી, લડથડતી જળનીધીમાં પડી. ७
જેન પ્રસાદ ઉતંગ પ્રચંડ, ધ્વજા પતાકા રમણિક દંડ;
વિવીધ બનાવ ક્હ્યા નવિ જાય વરક્ક એકથી શું કે'વાય. ८

સંવત્ત એકમેકને વર્સ નામ થયું સ્થીર પુરી વર્સ;
રાજ્ય કરે થરપાળ નરેશ, રતિપતિ રૂપે રૂડે વેશ. ૯
ત્યાએ રાજ્ય કરે ભુપાળ, પ્રજા જનોનો તે પ્રતીપાળ;
કર્ણાદિક વિક્રમની પેરે, જશકર્મ થઇને નીજ ફરે. ૧૦
વિદ્યા ચોદ બત્રીસ લક્ષણો, સર્વ શાસ્ત્ર અતી મોહે ભણ્યો;
પતિન પ્રીયથી રહે મગન, ખરી આસ્તા માતાપર મન. ૧૧

દોહરા.

પ્રજા સુનિતિ જોઇને, સુખ પ્રેમ બહુ લીન;
કોટી લખ લખમી પતી, પુરી મધ્ય નહીં દીન. ૧૨
અતી આનંદે ઉચરે, પ્રેમથી પ્રજા અપાર;
માજી તણા પશાયથી, હોજો જય જયકાર. ૧૩

સ્થીરપુરી વસવાનું અને માતાનું ધામ
થવાનું કારણ.

દોહરા.

મારૂં સ્થળ ભીનમાળથી, આવતાં ગુર્જર માંહ;
સ્વપ્નુ રયણી આપીયું, પરમાર પ્રુવને ત્યાંહ. ૧૪
તુજ સાથે રથ જેહછે, તેનું ત્રુટે નાંણુ;
તે સ્થાને મુજ નામથી, સ્થીરપુરી કરવી ઠાણુ. ૧૫
તેહીજ રથ લઈ આવતાં, ત્રુટયું જ્યાં તે નાણુ;
સ્થીરપુરી નગ્રી ત્યાં વસી, માત પ્રતાપે જાણ. ૧૬
માત નામ આશાપુરી, દ્વીતીય કલ્પના નામ;
નાણદેવી પણ નામથી, નમે લોક નીજ કામ. ૧૭
ધેનું ઝરે વળી જે સ્થળે, ભુવન નીપાવો ત્યાંહ;
મુજ પ્રતીમા તીહાં સ્થાપીને, તીર્થ ભજો મનમાંહ. ૧૮
ધેનુ ઉરોજન પય વહ્યું, માતથાન થયું તેહ;
પ્રતક્ષ પરચો પેખીને, સહુ ધરી આવે નેહ. ૧૯

દેવી સ્થાનીક વર્ણન.

પ્રેમ સભાજનો હવે રાખશો તમો સદાય પ્રેમ મનથી
રજા લઈ ગયા અમો. એ દેશી.

પ્રીય જગત્ મયા દુઃખ અતિ નિર્મયા કૃપા કરી,
મને તું આજ માડી સુખ દયા. એ ટેક.

માતાજીનાં દર્શન કરવા ઉલટ અદકી થાય,
મુખ માતાનું જોઈ આજે દુઃખજ સર્વ પળાય.
પ્રેમ જગત્ મયા૦ ૨૦

જગત કૃપાળી દીનદયાળી આશાપુરી માય,
જય જય જય તુજ નામ લીઅંતા હરકત દુરે થાય.
પ્રેમ જગત્ મયા૦ ૨૧

સ્થીરપુરમાં તે આવ્યાં માજી વીછડયું નાંણુજ તેહ,
નાણુદેવી ત્યાં નામ થયુંછે રથ દ્રષ્ટાંતે એહ.
પ્રેમ જગત્ મયા૦ ૨૨

અઘોર વનછે મોટું ત્યાંએ કર્યુંછે સ્થાનીક માંય,
ઝુંડજ ઝાડી ત્યાંહીજ ભાળી બહુળ સીતળછે છાંય.
પ્રેમ જગત્ મયા૦ ૨૩

બહુળ સ્થળછે વીકટ અરણમાં નિવાસ અહીં વરૂવાઘ,
અતુળી બળીઓ રામ લંકલપતી આવવા નરહે છાગ.
પ્રેમ જગત્ મયા૦ ૨૪

વૃક્ષ મનોહર ભાસે સુંદીર સુરભી મંદ સુગંધ,
પ્રસરે વનમાં ચોહું દીશાએ વૃક્ષ લતાના બંધ.
પ્રેમ જગત્ મયા૦ ૨૫

લતા પુષ્પ શો લહકે મહકે લળીલળી લાગે પાય,
માતાજીને શરણે આવી વસીયાં છાંઈ કેલાય.
પ્રેમ જગત્ મયા૦ ૨૬

વદન વિલોકી માજી તારૂં મોહ પામ્યો અપાર.
પાપ પ્રજાળો અમો કિંકરનાં વિનતીને ચીતધાર.
પ્રેમ જગત્ મયા૦ ૨૭

દૈવી શ્રૃંગાર વર્ણન.

અલબેલીરે અંબેમાત જોવાને જઇએ. એ દેશી.

હે માડી મુજને આજ આશા તારીરે,
કહું કરજોડીને આજ વિનતી મારીરે. ટેક.
મારૂં સ્થળ ભીનમાળનાં વાસી,
સ્થીર પુરનાં આ વાસીરે;
હસ્ત જોડીને કરૂં ભાવના,
અવિધારો તમે માજી. વિનતી મારીરે૦ ૨૮
તન સ્વચ્છ છે મુખ મા તાહરૂં,
પુરણ કળા સસી ભાળીરે;
ભવોરે ભવનાં કોટી દુખડાં,
આજ વ્યાકુળતા ટાળી. વિનતી મારીરે૦ ૨૯
વાયસ વાહની ચતુર સુજાળી,
અલબેલી છોગાળીરે;
હાટક વર્ણ માતા વપુ છાજે,
પદમાશનને વાળી. વિનતી મારીરે૦ ૩૦
એક કરમાં નાગપાસ છે,
દ્વીતીએ કર દંડ છાજે;
ત્રતીએ પુષ્પ ત્રીશુળ ચતુર્થે,
દુઃખડાં સહુનાં ભાજે. વિનતી મારીરે૦ ૩૧
રંચન લખીઅત પહેર્યું માતાજી,
મણી મુગ્તાફળ હાર;

બાંય બાજુબંધ બેરખા છાજે,
એવી શોભા સાર. વિનતી મારીરે૦ ૩૨
મનહર મુખછે માજી તાહરૂં,
સસી સમ દેખાય;
માજી તાહેરાં દરિશન કરતાં,
સંકટ સરવે જાય. વિનતી મારીરે૦ ૩૩
દેવી દયાળી છે બ્રહ્માણ,
રોશ નહીં તીલ ભાર;
રંક રાયને સરખા સમજે,
નુન્યાધિક ન લગાર. વિનતી મારીરે૦ ૩૪
અજર અમર પદ આપો માજી,
અનુચર અરજી ધારી;
કૃપા કરી સૌ વિઘન વિદારો,
જાઉં તુમ બલીહારી. વિનતી મારીરે૦ ૩૫

देवी वपु वर्णन.

ઘેલી કીધીરે મને તો એ ગોવાળીએ જો. એ દેશી.
દરીશન દેજોરે દાડી માજી દાસનેજો,
તારા દરીશનની ઘણી આસછે જો. દરી૦ ટેક.
દરીશન તાહારાં કર્યાથી અઘ જાયછે જો,
દુઃખ કોટી મટી સુખ થાયછે જો. દરી૦ ૩૬
દયા દાસપર લાવી દરીશન દીજીએ જો,
મહા પાપ કરેલ માફ કીજીએ જો. દરી૦ ૩૭
હું તો બળીબળી લાગું પાએ તને જો,
કષ્ટ કાપી અમર પદ દ્યો મને જો. દરી૦ ૩૮
બહુ મનની ઉલ્લાસે આવીપો જો,

માત આશાપુરીને મન ભાવીયો જો. દરી૦ ૩૯
સસી તુલ્યછે માજી મુખ તાહેરૂં જો,
પેખ્યો મન મોહ્યુંછે માહેરૂં જો. દરી૦ ૪૦
ભાલ હરો અર્ધ જાણીએ પ્રકાશતો જો,
અતી અરૂણ કપોળ શુભ વાસતો જો. દરી૦ ૪૧
દંત પંક્તિ અતી દાડમ જેવી કળી જો,
અધુર ઓપેછે વીદ્રુમથી અતી વળી જો. દરી૦ ૪૨
સોહે નાસીકા ભલી કીર ચંચુકી જો,
લોચન લાગેછે જાણ્યો સંચુકી જો. દરી૦ ૪૩
ચાપ ભ્રગુટી બીરાજે દ્રીગ ઉપરે જો,
કંઠ જાણીએ કપોત ખગની પરે જો. દરી૦ ૪૪
દીર્ઘ કનક કુચ કળશ ઉરે ધર્યા જો,
જેમ સારદા ગ્રહી વીણની સર્યા જો. દરી૦ ૪૫
ઉદર ઉપરે ત્રીવેણીઓ મળી રહી જો,
જંઘ દ્રુમ ઉભય રત્નની કહી જો. દરી૦ ૪૬
કહું ચર્ણ રમણ મનુહારતા જો,
દ્રુમ ચંપ કળીની પ્રશારતા જો. દરી૦ ૪૭
નખ દ્વાદશ અષ્ટ તારા તપે જો,
લે મુક્ત સરી જન જે જપે જો. દરી૦ ૪૮
માત રૂપ વર્ણવ કરૂં કીમ થકું જો,
કરી કોટી જીહવાથી ન કહી શકું જો. દરી૦ ૪૯
માનો મહીમા કહું હું કીમ થકીજો,
મુજ સ્વલ્પ મતી પોચતી નથી જો. દરી૦ ૫૦
દેવી કિંકરછું હું તાહેરો જો,
માત પુરો મનોરથ માહેરો જો. દરી૦ ૫૧

દેવી સ્તુતિ વર્ણન.

દોહરા.

માજી તારા ચિત્તનો પાર ન પામે કોય,
નાંણદેવીને આશરે સદા સુખી તે હોય. ૫૨

સાહેબો સલામ સહુને આજ. એ દેશી.

સમરૂં આજે માજી તુજને, કર ઝાલો મુજ આજ;
માડીજી તું તો સારે અમારૂં કાજ. એ ટેક.

સંકટમાં પડ્યો બહુરે વીજોગે,
પાર ઊતારો સારો કાજ. મા૦ ૫૩

દુઃખનો આરો આવ્યો મા આજે,
જુઆને સામું લગાર. મા૦ ૫૪

ભક્તી કરી હું ભાવના ભાવું,
આજ માડી તું આધાર. મા૦ ૫૫

પંચ જાતનાં પુષ્પ મંગાવી,
ઠાવી કંઠ અપાર. મા૦ ૫૬

સ્વચ્છ મંડપમાં આજે આવ્યો,
ધરૂં નીવેદ રશાળ. મા૦ ૫૭

નવ નવ વિધીનાં નૃત્ય કરીને,
તુજ આગળ નાચું બાળ. મા૦ ૫૮

અતુળી સ્વરૂપ વિલોકી માનું,
દુઃખ થયાં વીસરાળ. મા૦ ૫૯

વાસનું વાહન તુજ છાજે,
આશ પુરે પ્રતીપાળ. મા૦ ૬૦

પ્રથમ સ્તુતી પુરી થઇ છે,
સુણો શ્રોતા મહારાય. મા૦ ૬૧

સેવક જનની સ્તુતી સુણીને,
જય જય પ્રભુ વરતાય. મા૦ ૬૨

હોરી રાગ કાફી.

એષ્ટ મુરત હું તીહારી, બરનુ મે મતી અનુસારી;
એષ્ટ મુરત હું તીહારી.
મનમથ કુતી કે તુલ્યહે તુમ મુખ દુઃખ હર અરૂ સુખકારી,
વાકો અનુપમ દર્શમે પાયો ઉર બીચ ધ્યાનકું ધારી;
સફળ ભયે નેન હમારી. એષ્ટ મુરત૦ ૬૩
નીત નીત સીત હીત ધરકર કરૂં બીનતી મુખસે ઉચ્ચારી,
સોક સંતાપ સંકટ સવિ કાપો અરજ અબ ઉરમાં ઉતારી;
દીનકું દીજીએ તારી. એષ્ટ મુરત હું૦ ૬૪
સુરભી સુપુષ્પરૂ અગરજા ધુપસે દીપ વાજીંત્ર વીધસારી,
આશ ધરીને કરૂં તોરી સેવા કુમતી કુટીલતા ટારી;
હોયગી અતી જયકારી. એષ્ટ મુરત હું૦ ૬૫

લલિત છંદ.

માત માહેરી સર્વદા તમે,
આશ ધારીને આવીઆ અમે;
પ્રગટ પારખું તુજ પેખીયું,
અવર સ્થાનીકે તે ન દેખીયું. ૬૬
વિશ્વમાં વસી મૃત્યુ લોકનાં,
કષ્ટ કાપીઆં સર્વ શોકનાં;
તદપી માહેરાં કષ્ટ જે હશે,
પ્રલય તે થશે ત્વરીત તે જશે. ૬૭
વાયશારદા કુમતી કાપજો,

કરી કૃપા અને સુમતિ આપજો;
નાણુ નામથી નાંણુદેવી તું,
નામ તો થયું વિશ્વ વ્યાપીતું. ૬૮
સર્વ દેવનો દેવતા થકી,
તું અધિક છે સર્વથી નકી;
સર્વ યોગિણી તેહમાં તને,
વિકટ હું ગણું ભાષીયુ મને. ૬૯
તુંહિ શારદા મોહ રૂપછે,
સર્વ સૈન્યનો તુંહી ભુપછે;
હસ્ત જોડીને વિનતી કરૂં,
આશ તે ધરૂં મુગતીને વરૂં. ૭૦

ત્રોટક છંદ.

અંતર લાપીકા દેવી પ્રાર્થના.

માહારૂપ મનોહર માત તારૂં,
તાહારીજ કૃપા થકી આજ ભણું;
જીહાં નમ મનોહર સ્થીર પુરી,
શ્રી આશ પુરી વહે માત સુરી. ૭૧
આહાભરણ અતિ કૃતિ શોભી રહી,
શાક્ષાતમયા ઉમીયાય કહી;
પુર લોક સહોદર આવી નમે,
રીઝથી અતિ આશ ધીરજ રમે. ૭૨

ભુજંગી છંદ.

નમે નામ નારાયણી જે પ્રભાતં,
ભજે મોક્ષ દાતં કરે સુખ શાતં;
આધ રીદ્ધ સીદ્ધં કરેસુ પ્રસન્નં,

જરા જન્મ મર્ણં મિટે તેહ જન્નં. ૭૩
ઉમા અંબીકા માતુ રાજેશ્વરાયં,
તુંહિં માત માહેશ્વરી તું વિધાયં;
તુંહિં આદ્ય શક્તં ભવાં ભોધિતારં,
મહા દૈત્ય મૈષા સુરાણં સંહારં. ૭૪
તુંહિં વેદ વિસ્નુ મહેશં સુરેશં,
મહા સુર વિરં વિધી તુંહી શેશં;
તુંહિં રસ્ત્વ દિંધં ગીરા નૈક નામં,
ઠવી એક નૈકાશને અષ્ટ જામં. ૭૫
તુંહિં આધી બ્યાધી ઉપાધી નીવારં,
તુંહિં ડાકિની શાકિનીનં સંહારંમ;
યદા ભેદ પામે નહિં કોઇ ભુરં,
કરી કોટી જીહવા વદે કોઈ સુરં. ૭૬
તુહિં નારદં સારદં મોહ રૂપં,
તુહિં સુર ચંદ્રં ગ્રહં સર્વ ભુપં;
ગ્રહી હસ્ત ખડ્ગં ત્રીશુળંશુ ચક્રં,
મહા અદ્ભુતં અંબીકા આપ વક્રં. ૭૭

આરતી.

જય જય અસુરારી જય જય અસુરારી ટેક.
જય દેવાધિ દેવા માજી કરૂં તુમ સેવા,
તુઝ આગળ આવી માગું અજરામર પદ મેવા;
જય જય આસુરારી. ૭૮
જય તું સર્વાધારા તુઝ ગુંણ સૌથી ન્યારા,
માજી તુમ મુજ આપો ગુંણ સઘળા સારા

જય જય અસુરારી. ૭૯

જય દેવી જગ માતા માતા કરો સુખ સાતા,
સુણો વિનતી કિંકરની ઉધારો મુજ દાતા;
જય જય અસુરારી. ૮૦

જય જુગદંબા માજી રહિ તું સ્ત્રીરપુરી છાજી,
અનુચર અરજ કરેછે કરજો તુમ રાજી;
જય જય અસુરારી. ૮૧

જીમ મુજ મન ઉલ્લાશે તીમ આસ્તુતી જે ગાસે,
સેવક મુખથી કહેછે વાસી મુક્તીનો થાશે;
જય જય અસુરારી. ૮૨

ग्रंथकता विषय.

આંતરલાપિકા.

દોહરા.

સાહેબ સહુને એમ કહુ ! વિનતી ધરજો ધ્યાંન;
હાસ્ય રસ મુંખ્યતા વડે, નેક ટેક ને તાન. १
જિવન જબહી જડ લગે, ચંદન પુંજા તાશ;
જિકે ત્રીકણ સુંધસેં દરસન પાપહી નાસ. २

છપય.

બ્રધ ગુરૂ શુંપ થાય, રાતદીન ઉલટ આંણી;
ધરી માતનું ધ્યાંન, ધરી મન પ્રેમની વાંણી.
ધરી મન આશાપુંરી, નમું પદ કમળે આવી;
નહી મુંજ મતી અથાગ, પુર્વે ધ્વીય બુંક બનાવી.
જિમ મીત્રે મદદે કરી, રચ્યો ગ્રંથ એક જુંજ;
જિમ મન કરી ઉદારતા, માંફ કરો સહું મુજ. १

સમાપ્ત.



અગાઉથી ગ્રાહક થનાર સાહેબોનાં મુબારક નામ.

નામ.	ગામ.	પ્રતો.
ખુ. બાબી. શ્રી બીસમીલ્લાખાનજી જોરાવરખાનજી બાહાદુર લાઇબ્રેરી.	રાધનપુર.	૨
રાજાસાહેબ દીવાનસાહેબ લાઇબ્રેરી.	પાલનપુર.	૨
નેકનામદાર ઠકરાઈ ખેંગારસંઘજી લાઇબ્રેરી.	થરાદ.	
રા. રા. શેઠ બાદરચંદ રૂપચંદ દીવાનજી.	રાધનપુર.	૨
રા. રા. શેઠ શીવલાલ બાદરચંદ	,,	૧
મ. લાડુ પુનમચંદ બાણજી	,,	૧
રા. રા. ભીલોટા ભોગીલાલ મોતીચંદ	,,	૨
માહાત્મા માણુકચંદ મોતીચંદજી	,,	૧
શા. પ્રેમચંદ જેઠાચંદ	,,	૨
શા. બકોરલાલ છોટમલાલ	,,	૧
શા. મંછાચંદ દલછાચંદ	,,	૧

વીરવાડીઆ. અમરસી કસ્તુરચંદ	,,	૨
ભણસાળી ચુનીલાલ મંછાચંદ	,,	૧
શા. સીરચંદ નાગરચંદ	,,	૧
દોસી. પુરસોતમ (પાદ્ધ) હુકમચંદ	,,	૧
વીપ્ર. જાની ભવાન મુળજી	,,	૨
પટેલ. રઘા ઉમેદરામ	,,	૧
પટેલ. પીતાંબર ઉમેદરામ	,,	૧
ચંદુરા ગુણચંદ ભુલચંદ	,,	૧
ભણસાળી ઈશ્વરલાલ સુખરામ	,,	૧
શા. ગુણચંદ જીતમલ	,,	૧
મોદી હરજીવન ચુનીલાલ	,,	૧
શા. નાથાલાલ લક્ષ્મીચંદ	,,	૧
શા. ડાહ્યાભાઈ કીશોરદાસ	મુંબઈ.	૧
ગાંધી વાલજી નીહાલચંદ	,,	૧
શા. હીરાલાલ રૂપચંદ ચંપાગલી	,,	૧
શા. વીરચંદ દીપચંદ	,,	૧
વોહોરા છગનલાલ પ્રેમજી	ગોંડળ	૧
મે. બાપુલાલ લલુભાઈ	પાટણ	૧
મે. ત્રવાડી સુખરામ ત્રીકમજી	થરાદ	૧
રા. મે. દેવચંદ શવાઈચંદ	,,	૧
મે. ગલાબચંદ અંબાવીદાસ	,,	૧
બુકમેટ		
શાહાજી ઉમેદચંદજી વ્રધ શ્રી ધનજીજી	વીસનગર	૨
રા. મે. કારકુન જીતમલ કેશવજી	વાવ	૧

ચુકલીટ.

શાહાજીજી કાંનજી ધનજીજી	થરાદ	૧
માહારાજ લાવન્ય વીજયજી	જામનગર	૧
મે. રણછોડલાલ સેવકરામ તરફથી	રાધનપુર	૧૦
ભટ જેસંકર પીતાંબર	રાધનપુર	૧
મે. આંખડ ચાંપસી પાનાચંદ	,,	૧
રા. રા. ગોદડભાઈ લવજી કારકુન	પાલનપુર	૩
મે. શોભાગચંદ ખુબચંદ વિદ્યાર્થિ	,,	૫
મે. કકલ રીખવચંદ વિદ્યાર્થિ	,,	૫
રા. મગન કકલચંદ તાલુકા સ્કુલ આસીસ્ટંટ	,,	૧
રા. મગન નંદરામ તાલુકા સ્કુલ આસીસ્ટંટ	,,	૧
શા. હરગોવન છગનચંદ	રાધનપુર	૧

મુદતસર ફારમ ન આવી પહોચવાથી નામ નથી લખાયાં માટે માફી માગુછું હો ?

સુચના.

સર્વ સ્વદેશી જનોને વિનંતી કરવામાં આવેછે કે આ માજી આશાપુરીના છંદની બુક જેને ખરીદ કરવી હોય તેઉ સાહીબ પોતાના હોદા સહીત વીગતવાર સરનામા સાથે પોષ્ટ પેડ કાગળ નીચે લખેલ સ્થાનકે લખી મંગાવી લેવી અને તેની કીમત પોષ્ટ મારફતે ટીકીટો મોકલશે તોપણ લેવામાં આવશે. જથું બુકો એટલે પાંચથી વધુને માટે મનીઆ-ડરથી પૈસા વસુલ કરવા બાદ બુક મોકલવામાં આવશે,

આ બુક સીવાય અમારા ત્યાંથી બુધ્ધ મતના મનુરસીક નાટક થોડી મુદતમાં બાહેર પડવાનું છે અને તેના કદના પ્રમાણ અને ઇબારતના પ્રમાણમાં તેની કીમત ઘણીજ ટુંકી એટલે પોષ્ટ ખર્ચ સહીત આઠ આના રાખવામાં આવી છે તો તેના ગ્રાહકોએ પણ નીચેના સરનામે લખી જણાવવું.

રાધનપુર—કડવા મતીગચ્છના ઉપાશ્રયે શાહા જીજી વીનચંદ વી. ધનજીજી.

પાલનપુર—તાલુકા સ્કુલના આસીસ્ટંટ ભટ રણછોડ સેવકરામ.

થરાદ—કડવા મતીગચ્છના ઉપાશ્રયે શાહા જીજી કાનજીજી ધનજીજી.